

# સાધુહૃદયની પ્રાર્થનાગંગા



સ્વામિશ્રીજી

**'અક્ષરં અહં પ્રગટ પુરુષોત્તમ સ્વરૂપસ્ય દાસોઽસ્મિ ।'**

નૂતન વર્ષ ૨૦૭૫નો શુભારંભ થયો.
હું અક્ષરરૂપ... પ્રગટ પુરુષોત્તમનો દાસ
તે સિદ્ધ કરવાનું છે... રોમ રોમ ધારવું છે... જીવવું છે
તેના અનુસંધાને વિચાર વાણી વર્તન કરી લેવાં છે
પ્રભુના બળે સિદ્ધ થશે જ... તે વિશ્વાસ દૃઢ કરવો છે.

સાથે સાથે... એ એક સંકલ્પ રહે...
પ્રગટ પુરુષોત્તમ સ્વરૂપ આજે મારા સાહેબજી
તેનો દાસ ત્યારે થાઉં... જ્યારે આ સંબંધીનો દાસ થાઉં
સાહેબજીનો દાસ ને તેમનાં આ સૌનો દાસ.
સાહેબજી શ્રીજી સ્વામીનું પ્રગટ પ્રત્યક્ષ સ્વરૂપ છે. માન્યું છે
તેથી શ્રીજી અને સ્વામીનાં જે તે સૌના દાસ થવું જ છે.

બીજી વાત... બ્રહ્મજ્યોતિમાં નૂતન મંદિર નિર્માણ પામે છે
પથ્થરની ઈમારત કેવળ નહિ... આપણા અંતરે મંદિર નિર્માણ.
જે સેવા કરશે... તન મન ધન યાહોમ કરશે... ગુણ લેશે
તે સૌના અંતરે સ્વામિશ્રીજી બિરાજી જશે... મંદિર બની જશે
સૌનાં મન પવિત્ર... અંતર નિર્મલ... બુદ્ધિ દિવ્ય થઈ જશે.
સાહેબજીના સંકલ્પે આપણાં મન મંદિર બની જ જશે.
તેઓના સંકલ્પમાં યા હોમ... કરવાનું આ વર્ષ છે.



હે પ્રભુ !
અમ સૌને અમારું પ્યારું જે સઘળું
સાહેબજીના સંકલ્પમાં સમર્પિત કરવા બળ દો !
અમ સૌને સાહેબજીનાં સૌ-સ્વામિશ્રીજીનાં સૌ તે સર્વના દાસ
કેવળ દાસ... સ્વ રહિત... અહંશૂન્ય બની રહેવા બળ દો !

આ જે સંકલ્પ છે તેનું નિશદિન-પ્રતિપળ જાગ્રતતા ને જાણપણું રખાવો
રોમ રોમ સંકલ્પ તેજોમય બનાવી અંતર પ્રકાશિત કરો પ્રભુ ! ◆



બ્રહ્મજ્યોતિ, નૂતન વર્ષ ૨૦૧૫ સુભારંભે પ્રાર્થના.